# RAREST CASE OF MOLAR PREGNANCY OF 36 WKS GRAVIDA SIZE UTERUS

**દિવ્ય ભાસ્કર** ભાવનગર 06-04-2023

### દાહોદની હોસ્પિટલમાં 36 માસનો 'મોલર પ્રેગ્નન્સી'નો કિસ્સો

# પ્રસવ પીડિત મહિલાને તબીબે કહ્યું, પેટમાં બાળક જ નથી!

ઇરફાન મલેક | દાહોદ

દાહોદ નજીકના પણ મધ્ય પ્રદેશ રાજ્યના કદવાલ ગામની 27 વર્ષીય યુવતિને નવમા મહિને ફુલેલા પેટ અને પ્રસવની પીડા સાથે રાતના આઠ વાગ્યાના અરસામાં દાહોદના ડો. રાહુલ પડવાલને ત્યાં લવાય છે. મહિલા પીડા સાથે લોહી અને પાણી પણ જઇ રહ્યુ હોવાનું જણાવે છે. યુવતીની માતા કુતુહલવશ કેટલી વારમાં બાળક થઇ જશે તેમ પુછે છે પરંતુ સોનોગ્રાફી બાદ ડો.રાહુલ પડવાલ પેટમાં બાળક છે જ નહીં તેવો જવાબ આપતાં બંને આશ્ચર્ય સાથે ચિંતામાં પડી જાય છે. સાથે રહેલો પતિ દલીલ કરે છે, ત્રીજે મહિને અમારે ત્યાં ચેક કરાવ્યુ હતુ ત્યારે બાળક હોવાનો રિપોર્ટ આવ્યો હતો. સાથે આવેલા સબંધિઓને આશ્ચર્ય પમાડે તેવી સ્થિતિ ઉદભવતા તેમજ ભરોસો ન પડતાં મહિલાનું MRI કરાવતાં હાજર રેડિઓલોજીસ્ટ ડો.શિવાનીને પણ આશ્ચર્ય થયું હતુ. ડો. પડવાલના રિવ્યુ બાદ આ કેસ મોલર પ્રેગનેન્સી સાથે હુક ઇફેક્ટનો હોવાનુ જણાયું. જે જવ્વલે જોવા મળતી ઘટના હતી. આમ તો દર હજાર મહિલાએ એક મહિલાને મોલર પ્રેગનેન્સી થઇ શકે છે પરંતુ 36 માસે મોલર પ્રેગનેન્સીનો આ પ્રથમ કિસ્સો હતો. આ કિસ્સામાં મહિલા ગર્ભવતિ તો થાય છે પરંતુ ભ્રુણનો વિકાસ થતો નથી. તે નાના પરપોટાની જેમ વિકસે છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી આ મહિલાને અગાઉ બે બાળક છે. જેથી ત્રીજી વખત પણ ગર્ભાવસ્થા દરમિયાન જણાતા લક્ષણો, ઉલટી અને પેટ ફુલવાની પ્રક્રિયા સિવાયની બીજી કોઇ તકલીફ હતી નહીં.



## આવી પરિસ્થિતિ શા માટે સર્જાય?

સામાન્ય રીતે કોઇ પણ તંદુરસ્ત ભ્રુણના વિકાસ માટે શુક્રાણુ અંડકોષ (સ્ત્રીબીજ) સાથે મળે છે. તેવી જ રીતે પિતામાંથી મળેલાં રંગસૂત્રોની એક જોડી (ક્રોમોઝોમ) અને માતાનાં રંગસૂત્રોની એક જોડી ભ્રુણમાં ઊતરે છે. પરંતુ આ કિસ્સામાં તંદુરસ્ત શુક્રાણુના કોષ એક ખાલી અંડકોષમાં જોડાય છે જેની અંદર કોઇ રંગસૂત્રો હોતા નથી. તેનાથી તેનાં રંગસૂત્રો બેવડાય છે અથવા શુક્રાણુના બે કોષ ખાલી અંડકોષ સાથે મિલન કરે છે. આવા કિસ્સામાં ભ્રુણમાં માત્ર નર રંગસૂત્રો હોય છે પરંતુ માતાને લગતા કોઇ રંગસૂત્રો હોતા નથી. તેને ' મોલર પ્રેગનન્સી' કહેવાય છે.

## મારા કેરિયરમાં પ્રથમ ઘટના છે

*36 સપ્તાહનું ગ્રેવીડ યુટ્રસ અને મોલર પ્રેગ્નન્સી મારા આઠ વર્ષના ગાયનેક કેરીયરમાં પ્રથમ ઘટના છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગર્ભા બહેનોએ ડેટીંગ સોનોગ્રાફી કરાવવી જોઇએ.જેથી 9 માસ બાદ કોઇ માતાનું હૃદય ના તુટે.* » ડો.રાહુલ પડવાલ, પડવાલ કુસુમ હોસ્પિટલ,દાહોદ

---

**दैनिक भास्कर** झाबुआ 06-04-2023

मेडिकल हिस्ट्री में ऐसे कम ही केस • आलीराजपुर जिले के कदवाल गांव की महिला की सर्जरी कर निकाली गठान

# 9 महीने तक बढ़ता रहा पेट, जब दर्द हुआ तब जांच में पता चला कोख में बच्चा नहीं गठान है

भास्कर संवाददाता | झाबुआ

आलीराजपुर जिले के कदवाल गांव की एक विवाहिता को गर्भवती महिला की तरह शरीर में बदलाव हुए। 9 महीने तक पेट बढ़ता रहा और इतना बढ़ा कि परिजन को लगा जुड़वा बच्चे हो सकते हैं। पिछले दिनों प्रसव पीड़ा होने पर परिजन अस्पताल लेकर गए। यहां पुराने आयुर्वेदिक डॉक्टर को कुछ शक हुआ तो उसने किसी बड़े अस्पताल जाने को कहा। परिजन दाहोद के पड़वाल कुसुम अस्पताल में ले गए। यहां चेकअप के बाद पता चला कि कोख में बच्चा है ही नहीं। यह असामान्य प्रेग्नेंसी है



जिसे गर्भ समझ रहे थे, जांच में वो इस तरह की गठान निकली।

जिसे मोलर प्रेग्नेंसी कहा जाता है। इसमें पेट में गठान की तरह हिस्सा बढ़ता जाता है।

महिला का इलाज करने वाले डॉक्टर राहुल पड़वाल ने भी इतनी बड़ी मोलर प्रेग्नेंसी पहली बार देखी। उन्होंने बताया कि परिजन महिला को लेकर आए और कहने लगे डॉक्टर साहब जल्दी करो, 9 महीने हो चुके हैं और दर्द शुरू हो गया है। तेजी से रक्त स्राव भी हो रहा था। जब सारी जांच करके देखा और परिजन को बताया कि पेट में बच्चा नहीं है तो वह आक्रोश में आ गए। आखिर में एमआरआई करवाई गई। तब वेसिकुलर मोल की पुष्टि हुई। प्रेग्नेंसी रिपोर्ट भी नेगेटिव ही थी। डॉक्टर के अनुसार लिटरेचर और रिसर्च देखने पर पता चलता है कि 1 हजार में से एक केस इस तरह का हो सकता है।

### चार बॉटल रक्त चढ़ाया

मरीज और परिजन के परिस्थितियां स्वीकार करने के बाद महिला की सर्जरी की गई और गठान निकाली गई। इस दौरान चार बोतल खून भी चढ़ाना पड़ी। अनुभवी एनेस्थेटिक डॉक्टर मुकेश शाह और गाइनेकोलॉजिस्ट डॉक्टर राहुल पड़वाल की टीम ने सर्जरी की। डॉक्टर ने बताया, पुरुष और महिला बीज के मिलने पर इस तरह की मोलर प्रेग्नेंसी हो सकती है। लेकिन 36 माह में 253 गुणा 20 गुणा 19 सेंटीमीटर साइज की यह पहली मोलर प्रेग्नेंसी मैंने देखी है। उनका मानना है कि गांवों में कम से कम सोनोग्राफी जैसी सुविधाएं मिलना चाहिए, ताकि इस तरह की परेशानी समय पर पता चले और मरीजों की जान पर न बने।

---

**NEWS18 GUJARAT**

HOME / NEWS / GUJARAT / OMG: પ્રસવ પીડા સાથે પ્રસૂતિ માટે હોસ્પિટલમાં દાખલ થયેલી મહિલાના પેટમાં બાળક જ નહોતું

## OMG: પ્રસવ પીડા સાથે પ્રસૂતિ માટે હોસ્પિટલમાં દાખલ થયેલી મહિલાના પેટમાં બાળક જ નહોતું




Dahod News: તબીબ ડૉ. રાહુલ પડવાલે સોનોગ્રાફી કરતાં ખબર પડી કે, નવ માસના ફુલેલા પેટ સાથે આવેલી મહિલાના પેટમાં બાળક જ નથી તેની જગ્યાએ પરપોટા છે.

• NEWS18 GUJARAT

• LAST UPDATED • GUJARAT, INDIA